# ૨૮– તહોમતનામું

ફો.કે.નં:– ૩૭૦/૨૦૨૬
આંક– ૪

**હું નિમિષા ગંગારામભાઈ સુરતી, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ**

તમો આરોપી સવજીભાઈ કાંતીભાઈ દેવીપુજક, ઉ.વ. ૪૦, ધંધો–મજુરી, રહે.વીરમગામ, પાવર હાઉસની બાજુમા, તા.વીરમગામ, જિ.અમદાવાદનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

ફરીયાદી દયારામભાઈ ભુદરભાઈ ચાવડા હળવદમા નારાયણ પેરાજ ટ્રાન્સપોર્ટની ઓફીસ ધરાવે છે અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેઓ પાસે વાદળી કલરનો છકડો રીક્ષા રજી.નં.જીજે–૧૩–ટી–૫૬૧૯ જે ટ્રાન્સપોર્ટમા ચલાવી ગઈ તા.૨૨/૧૨/૨૦૨૫ના રોજ ફરીયાદી પોતાના ટ્રાન્સપોર્ટની ઓફીસે બેસેલ હતા અને આખો દિવસ પોતાનુ કામ કરેલુ અને છકડો તેઓના ટ્રાન્સપોર્ટમા કામ કરતા રાજુભાઈ ગંગારાભાઈ તથા મહેશભાઈ ગં ગારામભાઈ તથા કાળુભાઈ મંગાભાઈ ચલાવતા હોય જેથી રાત્રીના સમયે આઠેક વાગ્યે કાળુભાઈ મંગાભાઈ જે ટ્રાન્સપોર્ટનો ફેરો કરીને આવેલ અને રીક્ષા નારાયણ પેરાજ ટ્રાન્સપોર્ટ સરા રોડ ઉપર ઢવાણીયા દાદાની ડેરી સામે ઓફિસની બાજુમા રાખેલ હતો અને બાદમા ફરીયાદી ટ્રાન્સપોર્ટની ઓફીસ રાત્રીના નવેક વાગ્યાના સમયે બંધ કરી ઘરે જતા રહેલ અને બીજા દિવસે તા.૨૩/૧૨/૨૫ના રોજ સવારમા નવેક વાગ્યે ફરીયાદીનો દીકરો સુમીત ઓફીસે ગયેલ અને રીક્ષા ત્યાં જોવામા આવેલ નહી જેથી ફરીયાદીને ફોન કરીને કહેલ કે ''*આપણી રીક્ષા કયાં છે ફેરો કરવાનો છે*'' જેથી ફરીયાદીએ કહેલ કે ત્યાં આજુબાજુમા મુકેલ હતી તો સુમીતે કહેલ કે ''*અહીયા આપણી રીક્ષા નથી* '' જેથી ફરીયાદી ત્યાં ગયેલા અને ત્રણેય મજુરો પણ ત્યા આવી ગયેલા અને બધાએ છકડાની તપાસ કરેલ પણ છકડાનો કોઈ પત્તો લાગેલ નહી જેથી ફરીયાદ કરવાના દિવસ સુધી તેઓની રીતે તપાસ કરેલ પરંતુ પત્તો ન લાગતા ફરીયાદ કરવા ગયેલ અને છકડાની કીંમત આશરે વીસ હજાર રૂપીયા હતા જે ચોરી થયેલ હોય તેમ કરીને તમો આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૩૦૩(૩)મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો કરેલ છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

આમ, તમો આરોપીએ ઉપર જણાવ્યા મુજબનાં ગુન્હાઓ આ અદાલતની હકુમતમાં કરેલ હોય આ ગુન્હાઓ અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ ફરમાવવામાં આવે છે.

તા:–૧૦/૦૩/૨૦૨૬ મારા રુબરુ

હળવદ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

ફો.કે.નં:– ૩૭૦/૨૦૨૬
આંક– ૫

**આરોપીની જુબાની**

હું હળવદ ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની રુબરુ હાજર થઈ લખાવું છું કે :

મારું નામ: સવજીભાઈ કાંતીભાઈ દેવીપુજક,

મારા પિતાનું નામ: કાંતીભાઈ દેવીપુજક

મારી અંદાજીત ઉંમર: ૪૦ વર્ષ

મારો ધંધો: મજુરી

હું વીરમગામ, પાવર હાઉસની બાજુમા, તા.વીરમગામ, જિ.અમદાવાદનો રહેવાશી

પ્રશ્ન ૧: તમને પોલીસ પેપર્સની નકલ મળેલ છે.
જવાબ : હાજી.

પ્રશ્ન ર: તમો આરોપીએ આંક– ૪નાં તહોમતનામામાં જણાવ્યા મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય જે ગુનો તમોને કબુલ છે?

જવાબ : ગુન્હો કબુલ નથી. કેસ આગળ ચલાવવો છે.

........................................

સ્થળ:– હળવદ.
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

અમારા રુબરુ,

એડી. ચીફ. જયુડી. મેજી.,
હળવદ.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ